## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૦"ની ઉજવણી અંતર્ગત "ઘર આંગણે ઉપ્લબ્ધ પોષણયુક્ત આહાર" પરત્વે તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે ઇન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર્સ કો-ઓપરેટીવ લીમીટેડ (ઇફ્કો) ના સહયોગથી તા.૧૭/૦૯/૨૦૨૦ના રોજ "રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૦"ની ઉજવણી અંતર્ગત "ઘર આંગણે ઉપ્લબ્ધ પોષણયુક્ત આહાર" પરત્વે તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર તાલીમ કાર્યક્રમાં આણંદ જિલ્લાના ૪૦ આંગણવાડી બહેનો તથા ૩૮ ખેડૂત બહેનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે સોજીત્રા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી શ્રી કમલેશ નંદા, ઇફ્કો કંપનીના રીપ્રેસન્ટેટીવ ચીરાગ ગઢીયા તથા ગુજકોમાશોલના લાયઝન ઓફીસર રવી પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

સદર તાલીમ કાર્યક્રમનુ ઉદઘાટન આણંદ કૃષિ યુનિવર્સિટીનુ પ્રેરણા ગીત થી કરવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. જી. જી. પટેલ દ્વારા સર્વે મહેમાનોનું તથા બહેનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. તેમજ ઘર આંગણે ઓછા ખર્ચે ગુણવત્તાયુક્ત શાકભાજીનો ઉછેર કરવા મહીલાઓને પ્રોત્સાહિત કર્યા તેમજ મહીલાઓનું આરોગ્ય જાળવવા પોષણયુક્ત આહાર બાબતે વિસ્તુત ચર્ચા કરી. ત્યારબાદ મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છ દ્વારાસ્વાગત કરવામાં આવ્યુ. શ્રી કમલેશ નંદાએ બાળકોનું આરોગ્ય જાળવવા ઘરે બનાવેલ પોષ્ટીક વાનગીઓ બનાવવા મહિલાઓને જણાવ્યુ તેમજ બાળકોના વિકાસ માટે જરૂરી એવી બાબતોની વિસ્તૃત ચર્ચા કરી. શ્રી ચીરાગ ગઢીયાએ કીચન ગાર્ડનમાં શાકભાજીના ઉછેર અને તેના મહત્વ વિષે વિસ્તૃત માહિતી આપી. કાર્યક્રમના ભાગરૂપે ઇફ્કો કંપની દ્વારા વિના મૂલ્યે પ્રાપ્ત થયેલ શાકભાજી બીજની કીટ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશીત કીચન ગાર્ડન અંગેની માહિતી પુસ્તીકાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યુ.

વધુમાં સદર કાર્યક્રમ નિમિતે કેન્દ્રના પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા પૌષ્ટિક વાનગી હરીફાઈનું આયોજન પણ કરવામાં આવેલ. જેમાં ૫૪ બહેનોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. સદર હરીફાઈમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એમ ત્રણ વિજેતા જાહેર કરી તેઓને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

તાંત્રીક બેઠક બાદ સર્વે બહેનોને બાયો ફોર્ટિફાઈડ વેરાઇટી, ન્યુટ્રી થાળી તેમજ શાકભાજી પાકોની ખેતી પધ્ધતિ વિશે તાલીમ આપવામાં આવી તદુપરાંત મહિલાઓએ પોષણ અને આહાર પરત્વે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓને કેવિકે ખાતે આવેલ ન્યુટ્રીશનલ ગાર્ડનની મુલાકાત કરાવવામાં આવી. કાર્યક્રમના અંતે ડો.વાય.સી. લકુમ (વૈજ્ઞાનિક, એગ્રોનોમી) દ્વારા આભાર વિધી કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો.આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) તેમજ અંજલી જાદવ, પ્રોગ્રામ આસીસટન્ટ (ગૃહવિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.

## “રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૦”



ઉદઘાટન કાર્યક્રમ



મહેમાનશ્રીઓનું વ્યાખ્યાન



કાર્યક્રમમાં ઉપસ્થીત બહેનો



કીટ વિતરણ



નિર્ણાયકો દ્વારા હરીફાઈમાં મૂકેલ વસ્તુઓનું મૂલ્યાંકન



ઇનામ – પ્રમાણપત્ર વિતરણ